ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૮-૨૦૧૩, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

### હળાહળ જુઠ્ઠાણાં ફેલાવતું પાકિસ્તાન ભરોસાપાત્ર નથી

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના ખાસમખાસ ગણાતા શહરયાર ખાને કબૂલ કર્યું છે કે મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ અને હિંદુસ્તાનનો દુશ્મન નં.૧ દાઉદ ઈબ્રાહીમ પાકિસ્તાનમાં રહેતો હતો એ વાત સાચી છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી એ પાકિસ્તાનમાંથી ભાગી ગયો છે; આવા ખૂંખાર આતંકવાદીને અમે અમારા દેશમાંથી તગેડી મૂક્યો છે. એમણે દાઉદ હાલ ક્યાં હોઈ શકે એવા સવાલના જવાબમાં જણાવ્યું છે કે મોટેભાગે એ દુબઈ કે સંયુક્ત આરબ અમીરાતમાં હોવો જોઈએ. પાકિસ્તાનને ભારતના દુશ્મનોને આશ્રય આપવામાં કશો છોછ નથી વરતાતો એ તો દુનિયા આખી જાણે છે. પાકિસ્તાન આવાં તત્ત્વોને આશ્રય આપતું હોવા છતાં દુનિયાની જમાદારી કરતી અમેરિકા જેવી મહાસત્તા એને સુફિયાણી સલાહ આપીને અટકી જાય છે અને ભારત વિરુદ્ધ જંગ ચાલુ રાખવા જરૂરી શસ્ત્રસરંજામ આપતું રહે છે. ચીનને તો ઊલટાની મજા પડે છે. દક્ષિણ એશિયામાં ઊભરતી તાકાત તરીકે ભારતની જેટલી વધુ પજવણી થઈ શકતી હોય એટલી કરાવવા એ કાવતરાં કરતું રહે છે. દાઉદ જેવો દુશ્મન અમેરિકા અથવા ચીનમાં આતંકવાદ ફેલાવતો હોત તો એના કેવા હાલ હવાલા થયા હોત તે કલ્પી શકાય એમ છે. ઓસામા બિન લાદેનનું ઉદાહરણ સૌની નજર સામે છે. ભારત આજપર્યંત દાઉદનો વાળ વાંકો કરી શકી નથી. પાકિસ્તાને એને શાહી મહેમાનની જેમ સાચવ્યો અને હવે જયારે નવાઝ શરીફ એમની કહેવાતી શરાફતનો પરચો બતાવવા ઉત્સુક બન્યા છે ત્યારે દાઉદને સલામત સ્થળે ખસેડી પોતે ચોખ્ખા હોવાનો દેખાવ કરી રહ્યા છે. શું ભારતનું વહીવટી તંત્ર એટલી હદે પાંગળું અને વામણું છે કે પાકિસ્તાનના પ્રવક્તા જે કહે તે બધું જ શબ્દશઃ માની લે? જો કે ભારતની આ નબળાઈ હવે દુનિયામાં કોઈથી અજાણી નથી રહી. પાકિસ્તાન જેવો બદમાશ પાડોશી વારંવાર એના મોઢામાં થૂંકી જાય છે અને નાક પર ઘસરકો કરતો જાય છે પરંતુ ભારત એને એકાદ નિવેદન આપીને ભૂલી જાય છે. ભારતની આ રાજકીય મજબૂરી અને કાયરતાનો લાભ ઉઠાવવાની પાકિસ્તાનને ફાવટ આવી ગઈ છે. જો આટલાં વર્ષો પછી પાકિસ્તાન સ્વીકારતું હોય કે દાઉદ પાકિસ્તાનમાં રહેતો હતો તો એનો મતલબ એટલો જ કાઢી શકાય કે પાકિસ્તાને ભારતને આજ લગી જૂઠ્ઠું બોલીને છેતરવાનું જ કામ કર્યું છે. ફક્ત ભારતને જ નહીં, અમેરિકા સહિત આખી દુનિયા સામે એણે આ જૂઠ ચલાવ્યે રાખ્યું છે અને હવે સુફિયાણી વાતો કરે છે કે આવા આતંકવાદીને અમે તગેડી મૂક્યા છે; કદાચ એ દુબઈમાં રહેતો હોય એમ બને! પાકિસ્તાનથી વધુ લુચ્ચો દેશ આ પૃથ્વી પર દીવો લઈને શોધવા નીકળતાં પણ મળે કે કેમ તે પ્રશ્ન છે. ભારતમાં છેલ્લે મુંબઈ પર થયેલા હુમલા સહિત અનેક આતંકવાદી ઘટનાઓ સાથે સંકળાયેલ હાફિઝ સઈદની સામે પાકિસ્તાન પાસે કોઈ પુરાવા જ નથી! હદ તો ત્યારે થાય છે કે આ ખૂંખાર આતંકવાદી ખુલ્લંખુલ્લા આખા પાકિસ્તાનમાં ફરી ફરીને ભારત વિરુદ્ધ બઘડાટી બોલાવતો રહે છે, ભારત પર લાલ કિલ્લા અને સંસદ ભવન પર કરેલા હુમલા જેવો ભારે હુમલો કરવાની ધમકી આપતો ફરે છે, છતાં નવાઝ શરીફની સરકાર એને 'બોલવાની આઝાદી'માં ખપાવી ભારતના લોકપ્રિય નેતા નરેન્દ્ર મોદી સાથે સરખાવે છે. આવાં અટકચાળાં કરનાર દુશ્મન દેશને એની હેસિયત વેળાસર બતાવવાની જરૂર છે પરંતુ એ માટે જરૂરી એવું સંકલ્પબળ આપણા શાસકોમાં હોય તો ને! એમને તો ઊલટાની મોદીની હાફિઝ સાથેની સરખામણીથી પોરસ ચડ્યું હશે. આવી સડિયલ માનસિકતામાંથી વેળાસર બહાર આવવાની જરૂર બેઉ પક્ષે છે.

## જે.એમ.ચૌધરી શાળામાં વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરની સેકટર-૭માં આવેલી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં તાજેતરમાં વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ધોરણ-૯ અને ધોરણ-૧૦ની વિદ્યાર્થીનીઓ દ્વારા ૧૭ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિજ્ઞાન પ્રદર્શન અંતર્ગત શાળાની વિદ્યાર્થીનીઓએ જળ વ્યવસ્થાપન, ખેતી, વરસાદી પાણીનો સંગ્રહ, પર્યાવરણ, ઊર્જા, આરોગ્ય, માનવ સંશોધન, સેવ વોટર, એનર્જી, મનુષ્યનું મંગજ, પાચનતંત્ર, ઓઝોનનાં ગાબડાં, લીમડો-કલ્પવૃક્ષ જાદુઈ શો જેવા મોડેલ બનાવ્યા હતા. સમગ્ર મોડલ્સને વર્કીંગ અને નોન વર્કીંગ મોડેલ એમ બે ભાગમાં વિભાજીત કર્યા હતા. વર્કીંગ મોડલમાં ઊર્મિલા સોંદરવા, રોશની સોલંકીનો પ્રથમ, શ્રદ્ધા બિહોલા મોહિની પ્રજાપતિનો દ્વિતીય અને શિવાની ગજ્જર, માનસી ચૌધરીનો તૃતીય નંબર આવ્યો હતો. તથા નોન વર્કીંગ મોડલમાં રિદ્ધિ સોલંકી, પ્રિયંકા પ્રજાપતિનો પ્રથમ, જાનવી નાયી, નિરાલી ભટ્ટનો દ્વિતીય અને ધારા ભાવસારનો તૃતીય નંબર આવ્યો હતો. વિજેતા બહેનોને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

### વ્યંગ્ય કાવ્ય

એક રૂપિયાનું ખાણું, મળે ને બાર રૂપિયાની ચા,
આ અંધેરી નગરીમાં તો સૌ બોલો-વા ભઈવા.
એક રૂપિયો લઈને પગરવ હોટલે મેં તો માંડ્યાં,
ભિખારી પણ ના લે રૂપિયો તો જા, ભઈ જા!
રૂપિયા ચોત્રિસ કમાયા તો અમીર થઈ જવાશે;
પ્રજાના સેવક શું, કટાક્ષ કરે છે! હા, ભઈ હા;
દરરોજ હું તો મકાનભાડું રૂપિયા સો ભરતો;
દાઝયા પર હસતા-હસતા ડામ દીયે છે હા, ભઈ હા.
તમારા કાળા કરતૂતોના ફળ મળે છે અમને,
આંધળો થઈને પ્રમુખના સ્વરમાં ગા, ભઈ ગા.
'મેરા દેશ મહાન' છે તો સ્વતંત્ર પરની છૂટી;
જીભ પર કાયદો કોઈએ ઘડ્યા? ના, ભઈના.
ટકાના શેર મળે છે ભાજી, ખાજા આ નગરમાં;
અંધેરી નગરીમાં કરજો મન મુકીને ઘા, ભઈ ઘા.

- મહેન્દ્રભાઈ રાઠોડ

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા રમત ગમત કચેરી દ્વારા તાજેતરમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં સ્કેટીંગ કુસ્તી અને જૂડો સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

શાળામાં અંડર-૧૪ જૂડોની સ્પર્ધામાં હરદિપસિંહ રાઠોડે જિલ્લામાં બીજો નંબર, અંડર-૧૭ની જૂડોની સ્પર્ધામાં ધોરણ-૯ના વિદ્યાર્થીઓમાં અલગ અલગ ગૃપ પ્રમાણે હિનલ આહિર, શાંતિ ઠાકોર અને હેતલબા જાડેજા બીજા નંબરે આવ્યા હતા. અંડર-૧૯ કુસ્તીની સ્પર્ધામાં અભિષેક રબારી પ્રથમ નંબરે અને ભાવેશ દેસાઈ બીજા નંબરે આવ્યા હતા અને રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. સ્કેટીંગ સ્પર્ધામાં અક્ષય પટેલે ૩૦૦ મી., ૫૦૦ મી, ૧૦૦૦ મી., ૩૦૦૦ મી.માં પ્રથમ નંબર લાવી શાળાનું ગૌરવ વધાર્યું છે. વિજેતા વિદ્યાર્થીઓને જિલ્લા રમતગમત વિભાગ દ્વારા સર્ટિફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાર્થીઓને હવે ડુપ્લીકેટ માર્કશીટ માટે પણ તકલીફ

## ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા અરજી કર્યા બાદ સમયસર માર્કશીટ ન મળતા વિદ્યાર્થીમાં હાલ જોરદાર રોષ વ્યાપ્યો

અમદાવાદ, તા.૧૦

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન આર્ટસ, કોમર્સ અને સાયન્સ વિદ્યાશાળાઓમાં ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા વિદ્યાર્થીઓ રઝળી રહ્યા છે. ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માટે અરજી કર્યા બાદ સમયસર માર્કશીટ ન મળતા વિદ્યાર્થીઓમાં રોષ વ્યાપી ગયો છે. જેનાં કારણે યુનિવર્સિટીમાં ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા વિદ્યાર્થીઓએ ધક્કા ખાવા પડતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોનાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા માર્કશીટ આપવામાં આવે છે. પરંતુ જો આ માર્કશીટ સંજોગોવસાત ગુમ થઈ જાય તો પોતાનું કામ ન અટકે તે માટે વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાંથી ડુપ્લીકેટ માર્કશીટ કઢાવતા હોય છે. આ માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં અરજી કરવાની રહેશે અને અરજી કર્યાના ૧૫ દિવસમાં વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ માર્કશીટ આપવામાં આવે છે. જો કે ગુજરાત યુનિવર્સિટીમાં અરજી કર્યાના એક-એક મહીના સુધી ડુપ્લીકેટ માર્કશીટ ન મળતી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. ગુજરાત યુનિવર્સિટીના ડુપ્લીકેટ માર્કશીટની અરજી આવ્યા બાદ દરેક મહિને બે વખત ડુપ્લીકેટ માર્કશીટ છપાવવા માટે મોકલવામાં આવે છે. તેમ છતાં વિદ્યાર્થીએ ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માટે યુનિવર્સિટીનાં વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે. તાજેતરમાં જ શૈક્ષણિક સત્ર શરૂ થયું હોવાથી હાલમાં ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માટે વિદ્યાર્થીઓનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે માર્કશીટ ખૂબ જ મહત્વી છે જેથી સમયસર ડુપ્લીકેટ માર્કશીટ ન મળતા વિદ્યાર્થીઓ અકળાયા છે. તેમાંય ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા વારંવાર અમદાવાદનાં ધક્કા ખાવા પડતા હોવાથી ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યા જેનાં કારણે વિદ્યાર્થીઓમાં રોષ વ્યાપી ગયો છે.

# ટાઉનહોલ ખાતે જીવન દર્શન કા રંગમંચ હિન્દી નાટક યોજાયું



ગાંધીનગર, તા. ૧૦

ઓ.એન.જી.સી. અમદાવાદ અને અખિલ ભારતીય અનુસૂચિત જાતિ/જનજાતિ કર્મચારી કલ્યાણ સંઘ દ્વારા આયોજીત ભારત રત્ન બાબા સાહેબ આંબેડકરના 'જીવન દર્શન કા રંગમંચ' નામનો હિન્દી નાટ્ય પ્રયોગ ગાંધીનગર ટાઉનહોલ ખાતે ગતરાત્રે રજુ કરવામાં આવ્યો હતો. નાટક નિહાળવા માટે મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

ભારત રત્ન બાબા સાહેબ આંબેડકરના જીવનદર્શનનું હિન્દી ભાષામાં રજુ થયેલ આ નાટક લોરિસ એસોસિએશન અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. નિર્માણ વૈદ્ય અને ડીરેક્ટર ભાર્ગવ જોષી દ્વારા આ નાટકમાં નાના બાળકોથી માંડી ૬૦ વર્ષની વયના કલાકારોએ ભાગ લીધો હતો. શહેરના દિગ્ગજ નાટ્ય કલાકારો કુંતલ નીમાવત અને હિમાંશુ ભચેચે સુંદર અભિનયના ઓજસ પાથરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. માનવ મેદનીથી ભરચક હોલમાં સિસ્તપૂર્ણ રીતે નાટ્યપ્રયોગ દ્વારા બાબાસાહેબના જીવનદર્શનનો આ પ્રયોગ સમાજને એક ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે ઓ.એન.જી.સી. એકઝીક્યુટીવ ડાયરેક્ટર જે.જી. ચતુર્વેદી મુખ્ય અતિથિ હતા. સાથે સંસ્થાના સુશીલકુમાર, શેખરજી, તેમજ અન્ય પદાધિકારીઓ હાજર રહ્યા હતા. સર્વ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ હાજર મહેમાનોના હસ્તે દિપ પ્રાગટ્ય કરી પ્રાસંગીક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. નાટકના અંતે બાબા સાહેબના જીવનને લગતી ક્વીઝનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## નલિકારહિત ગ્રંથિઓ પર થતી કસરતની અસરો : લેખાંક - ૨

### ફિઝિકલ ફિટનેસ

કાન્તિભાઇ રા. પટેલ

આ લેખાંકમાં બાકીની નલિકારહિત ગ્રંથિઓ ઉપર થતી કસરતની અસરો વિશેની વિગતો જાણવાની થતી હતી. જે નીચે મુજબ છે.

(૧) એડ્રેનલ ગ્રંથિઓ (Adrenal Glands)

(૨) આઇલેટ્સ ઓફ લેન્ગરહેન્સ (Irlets of Langerhans)

(૩) રજઃપિંડ અને વીર્યપિંડ (Ovary and Testicles)

**(૧) એડ્રેનલ ગ્રંથિઓ :**

આ ગ્રંથિઓ બંને મૂત્રપિંડના ઉપરના ભાગમાં આવેલી હોય છે. તેમનું સ્થાન બંને મૂત્રપિંડોના ઉર્ધ્વભાગમાં આવેલું હોઇ તેમને ઉર્ધ્વપિંડ (Suprarenal Gland) પણ કહેવામાં આવે છે. તેમની લંબાઇ ૨ થી ૪ સે.મી. જેટલી હોય છે. તેમનો રંગ પીળાશ પડતો ભૂખરો હોય છે. તે ત્રિકોણાકાર હોય છે, તેના વચ્ચેના ભાગને મેડ્યુલા (Medula) કહેવામાં આવે છે, અને તેની આસપાસના બહારના ભાગને કોર્ટેક્સ (Cortex) કહેવામાં આવે છે.

મેડયુલા રક્તવાહિનીઓ ઉપર અસર કરે છે તેમાંથી એડ્રેનલિન નામનો રસ ઝરે છે, જેના વધારે પડતાં સ્રાવથી પેટ અને ચામડીમાંની રક્તવાહિનીઓ સંકોચાતા લોહીનું દબાણ વધે છે અને તેથી હૃદયનું કાર્ય થોડુંક ધીમું પડે છે. અને કલેજામાંના ગ્લાયકોઝનને સાકરમાં ફેરવી લોહીમાં સાકરનું પ્રમાણ વધારે છે. એડ્રનલિન રસ લોહીને જામવામાં મદદ કરે છે. પરંતુ લોહી નીકળતાં પહેલા શરીરમાં તેનું ઇન્જેકશન આપ્યું હોય તો જ આ શક્ય બને છે. લોહી નીકળયા પછી તેમાં એડ્રેનલિન દાખલ કરવાથી લોહી જામી જવામાં ફેર પડતો નથી. એડ્રેનલિનનું ઇન્જેકશન એકદમ બંધ પડી ગયેલ હૃદયને પાછું ચાલું કરવામાં ઉપયોગમાં આવે છે.

એડ્રેનલ કોર્ટેક્સ જીવન ટકાવી રાખવા બહુ ઉપયોગી છે. તેનો નાશ થતાં માણસ થોડા સમયમાં મૃત્યુ પામે છે, તેનો સ્રાવ પાણી, ક્ષારો અને કાર્બોહાઇડ્રેટ્સની ચયાપચયની ક્રિયાનું નિયમન કરે છે. એડ્રેનલ કોટેક્સના વધુ સ્રાવથી જનન અવયવો જલ્દી વિકાસ પામે છે અને બીજા જાતીય ચિહનો જલ્દી જણાવા લાગે છે, સ્ત્રીની એડ્રેનલ ગ્રંથિ મોટી થઇ જાય કે તેના ઉપર ગાંઠ જાજો તો તેનામાં પુરૂષના ચિહ્નો દેખાવા લાગે છે તથા દાઢી તથા છાતી ઉપર વાળ ઉગે છે અને તેનો દેખાવ પુરૂષ જેવો થવા લાગે છે.

**(૨) આઇલેટ્સ ઓફ લેન્ગરહેન્સ :**

સ્વાદુપિંડ (Pancreas) માં છૂટી છવાઇ પડેલી કેટલીક ગ્રંથિઓને આઇલેટ્સ ઓફ લેન્ગરહેન્સ કહેવામાં આવે છે. આ ગ્રંથિઓ ઇન્સ્યુલિન (Insulin) નામનો પદાર્થ બનાવે છે અને તેને લોહીમાં સીધો જ દાખલ કરી દે છે. ઇન્સ્યુલિન શરીરના સ્નાયુઓમાં પ્રવેશી, તેમને લોહીમાંની સાકરનું ગ્લાયકોઝન નામનું દ્રવ્ય બનાવવામાં મદદરૂપ થાય છે. ગ્લાઇકોઝન સ્નાયુઓમાં અને કલેજામાં સંઘરાઇ રહે છે અને જરૂર પડ્યે તેમાંથી સાકર બનાવી તેને વાપરે છે. ઇન્સ્યુલિન વધારે પ્રમાણમાં પેદા થાય ત્યારે લોહીમાંની સાકરનું ગ્લાયકોઝેન બનતુંન નથી. અને તેથી માણસમાં મૂત્ર તથા પેરસેવા વાટે સાકર બહાર જાય છે. આ સ્થિતિને મધુપ્રમેહ (Diabetes) કહે છે. મધુપ્રમેહના દરદીને ઘેટા તથા અન્ય જાનવરોનાં સ્વાદુપિંડોમાંથી ઇન્સ્યુલિન મેળવી તેનાં ઇન્જેકશન આપવા પડતાં હોય છે.

**(૩) રજઃપિંડ અને વીર્યપિંડ :**

સ્ત્રીના કટિબંધના પોલાણમાં, ગર્ભાશયની બંને બાજુએ એક એક રજઃપિંડ હોય છે, આ પિંડો પ્રજોત્પાદનની ગ્રંથિઓ છે. સ્ત્રીમાં રજઃપિંડના અંતઃસ્રાવથી સ્તન મોટા થવા, નિતંબનો ભાગ પહોળો થયો, કરૂણા, કોમળતા જેવા સ્ત્રીસહજ ભાવો પેદા થયા, જનનેન્દ્રિયનું વધવું વગેરે લક્ષણો સ્ત્રીઓમાં દેખાય છે.

વીર્યપિંડમાં, અંતઃસ્રાવથી પુરૂષમાં પુરૂષનાં લક્ષણો જેવા કે, દાઢીમૂછ ઉગવી, છાતી ઉપર વાળ ઉગવા, ખભા મોટા થવા, માનસિક મર્દાનગીના ભાવો પેદા થવા તથા જનેન્દ્રિયની વૃદ્ધિ થવી અને સાહસ, ઉત્સાહ જેવા ગુણો ઉત્પન્ન થાય છે.

હવે પછીના લેખાંકોમાં ફિઝિકલ, ફિટનેસ અને સુખાકારી બાબતે માહિતી પ્રસ્તુત કરવામાં આવશે.

(ક્રમશઃ)




કાકા સાંભળ્યે રાખો, દાઉદને પકડવા સ્પેશ્યલ સેલ બનાવ્યું... એમ તો, મેલેરીયા ડિપાર્ટમેન્ટ કેટલા વખતથી છે...! અને કેટલા પકડાયા...!!

## ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ સ્ટાફનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના સર્વે સ્ટાફના માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે ગત તારીખ ૯ ઓગષ્ટના રોજ શૈણિક સ્ટાફે કડાણા જળાશય યોજનાની મુલાકાત લીધી હતી. જેમાં કડાણા જળાશય યોજના સંલગ્ન બંધ, ચાલીસ કિ.મી. લંબાઈનું જળાશય, ઈન્સ્પેક્શન ગેલેરી, સેડલ ડેમ તેમજ સુજલામ-સુફલામ યોજના અંતર્ગત માહિતી માર્ગદર્શન મેળવી, હરિયાળી લીલોતરીભર્યા, વાદળછાયા, ખુશનુમા વાતાવરણમાં રહેલા કડાણા જળવિદ્યુત પ્રોજેક્ટ અંતર્ગત જળવિદ્યુત અંગેની સંપૂર્ણ માહિતી માર્ગદર્શન દ્વારા ચાલુ સ્થિતિમાં જોઈ હિલસ્ટેશન ઉપર આવેલા નદીનાથ મંદિરની મુલાકાતમાં ભોળાનાથનું પૂજન-અર્ચન, બોટીંગ, વન-ભોજન કરી અનેરો આનંદ માણયો હતો. વર્ષારાણીના સાનિધ્યમાં કુદરતી દશ્ય સાપુતારાની યાદ આપતો હતો. તેમજ ગુજરાત રાજ્યના ઈજનેરો દ્વારા માનવ સંચાલિત યંત્રનો ઉપયોગની શ્રેષ્ઠ માહિતી મેળવી હતી. સ્ટાફને સમગ્ર પ્રવાસ દરમ્યાન સાથે રહી સ્વાદિષ્ટ ભોજન, સ્થળદર્શન અને સ્થળ માહિતી માટે સહકાર આપનાર પ્રવિણભાઈ પટેલ તેમજ તેમના મિત્રમંડળે ખુબ જહેમત ઉઠાવી હતી.

## આજે વણકર સમાજનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજના ઉપક્રમે વણકર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ સિત્તેર વર્ષ કે તેથી ઉપરની ઉંમરના વડીલોનો સન્માન સમારંભ આજે તા. ૧૧મી ઓગષ્ટ-૨૦૧૩ને બપોરે ૩ કલાકે ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

ગાંધીનગરમાં વસતા બસોબ્યાસી વણકર સમાજના સિત્તેર વર્ષ કે તેથી ઉપરની ઉંમર ધરાવતા વડીલોનું ફૂલહાર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવશે તથા સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં યોજાશે. આ પ્રસંગે સમાજના સર્વેજનોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ મધુકર પરમાર અને મહામંત્રી રમણભાઈ પરમારે એક યાદીમાં જણાવ્યું છે.



સેક્ટર-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કૂલની સામે જ સ્ટ્રીટ લાઈટનો આ ખૂલ્લો થાંભલો કેટલા ભયજનક છે, તે વીજકંપનીને મોટો અકસ્માત થશે ત્યારે જ ખબર પડશે...! (તસવીર : કશ્યપ નિમાવત)

## અડાલજ માણેકબા શિક્ષણ સંકુલમાં ઈનામ વિતરણ યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામે આવેલા માણેકબા વિનય વિહાર બાલમંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, પી.ટી.સી., પ્રિ. પી.ટી.સી. કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ તાજેતરમાં શિક્ષણ સંકુલમાં યોજાયો હતો.

શ્રીમતી માણેકબા શિક્ષણ સંકુલના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી રાહુલ આહિર કે જેણે સી.એ.ની પદવી પ્રાપ્ત કરી છે તેને સન્માનીત કરવામાં આવ્યા હતા. સામાજિક, શૈક્ષણિક અને રાજકીય રીતે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ડૉ. હિમાંશુભાઈ પટેલનું અને નિવૃત્ત શિક્ષિકા કલાબહેન પટેલનું સમારંભના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાના હસ્તે શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. મંગલ નિધિ ટ્રસ્ટ દ્વારા મળેલ દાનની રકમમાંથી તેમજ અડાલજ ગામના નિવૃત્ત આચાર્ય ઘનશ્યામભાઈ પટેલ અને ડેપ્યુટી સરપંચ જયેશભાઈ પટેલ જેવા વિશેષ દાતાઓએ આપેલ દાનમાંથી તેજસ્વી તારલાઓને રોકડ અને મેડલ દ્વારા નવાજવામાં આવ્યા હતા. આર્ટસ કોલેજ, કલોલના ગુજરાતી વિભાગના પ્રોફેસર અમૃતભાઈ ચૌધરી દ્વારા મળેલી દાનમાંથી સમગ્ર રાજ્યમાં ૧૯ તાલીમાર્થી બહેનોએ પી.ટી.સી. પરિણામમાં ઝળહળતી શિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ રોકડ ઈનામ અને પુસ્તકો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મેનેજીંજ ટ્રસ્ટી સૌભાગ્યચંદ શાહ, નિયામક લલિતભાઈ નાકરાણી, સેક્રેટરી બિપીનભાઈ શાહ, સારપંચ પૂનમભાઈ ભુરિયા ખાશ હાજર રહ્યા હતા. કૃષિ વિદ્યાલયના આચાર્ય વિરેન્દ્રભાઈ ભટ્ટે આવકાર પ્રવચન અને આચાર્યા સુરેખાબહેન ચૌધરીએ સમાપન તેમજ કાર્યક્રમનું સફળ સંચાલન દિલીપસિંહ ગઢવીએ કર્યુ હતુ.